પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯ | ૨૦ માર્ચ, ૨૦૨૦, શુક્રવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશની પ્રજા ૨ ૨મીએ જનતા કર્ફ્યુ પાળે : મોદી

## વૈશ્વિક કોરોના વાયરસને સંકલ્પ, સંયમથી પરાજિત કરવા દેશવાસીઓ પ્રતિબદ્ધ બને : મોદી

નવીદિલ્હી, તા. ૧૯

કોરોના વાયરસના વિશ્વની સાથે સાથે ભારતમાં વધી રહેલા કેસો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અનેક પ્રકારની અટકળો વચ્ચે રાષ્ટ્રને નામ સંબોધન કર્યું હતું જેમાં મોદીએ કોરોના વાયરસનો સામનો કરવા શ્રેણીબદ્ધ સૂચનો કર્યા હતા. સાથે સાથે જનતા કર્ફ્યુની અપીલ કરી હતી. કોરોના વાયરસ સામે લડવાને લઈને દેશમાં થઈ રહેલા પ્રયાસોના મુદ્દા ઉપર મોદીએ વાત કરી હતી. સાવચેતી રાખવા માટે અપીલ કરીને જનતા કર્ફ્યુની મોદીએ વાત કરી હતી. મોદીએ પોતાના સંબોધનમાં રવિવારના દિવસે એટલે કે ૨૨મી માર્ચના દિવસે સવારે સાત વાગ્યાથી લઈને રાત્રે નવ વાગ્યા સુધી તમામ દેશવાસીઓને જનતા કર્ફ્યુ રાખવાની અપીલ કરી હતી. આ જનતા કર્ફ્યુના ભાગરુપે કોઈપણ નાગરિકોને પોતાના ઘરમાંથી બહાર ન નિકળવા, માર્ગો ઉપર ન

● અનુસંધાન પાન-૭ પર

**કોરોના વાયરસના આતંક વચ્ચે મોદીનું રાષ્ટ્રને સંબોધન : જીવન જરૂરી ચીજવસ્તુનો સંગ્રહ ન કરવા તથા પોતાને આઇસોલેટ રાખવાનો અનુરોધ**



## પ્રધાનમંત્રીનો ઉચ્ચ સ્તર પર બેઠકોનો દોર જારી

**મહારાષ્ટ્રમાં લોકોને બહાર ન નિકળવા માટેની સૂચનાઓ**

નવીદિલ્હી, તા. ૧૯

કોરોના વાયરસના આતંક વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પણ બેઠકોનો દોર યોજવામાં આવી રહ્યો છે. કોરોના વાયરસને રોકવા તમામ પ્રયાસો વચ્ચે વડાપ્રધાને ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. વ્યક્તિગતો સાથે સક્રિયરીતે વ્યસ્ત રહેવાની અપીલ પણ કરવામાં આવી છે. કોરોના વાયરસ સામે લડવા નવી વ્યવસ્થા ઘડી કાઢવા માટે પણ કહેવામાં આવી રહ્યું છે. ભારતમાં કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે આ પ્રકારની વ્યવસ્થા અમલી કરવા માટે સૂચના આવી રહી છે. પંજાબમાં આજે કોરોના વાયરસથી વધુ એકનું મોત થયું હતું. બીજી બાજુ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે, કોરોના વાયરસને રોકવાના પ્રયાસોમાં મદદરુપ થવા માટે જો જરૂર ન હોય તો તેમના ઘરથી બહાર ન નિકળવા લોકોને કહેવામાં આવ્યું છે. તમામ બિનજરૂરી યાત્રા ટાળવા માટેની સૂચના આપવામાં આવી છે. પંજાબમાં કોરોનાના કેસોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે. ૩૧મી માર્ચ સુધી તમામ કાર્યક્રમોને મોકૂફ રાખવામાં આવી રહ્યા છે.

### વિશ્વ બેન્કે રિસ્પોન્સ પેકેજ વધારી ૧૪ અબજ ડોલર કર્યું

વિશ્વ બેંક્રે કોરોના વાઈરસની પ્રતિકૂળ અસરનો સામનો કરી રહેલા કારોબાર અને અર્થતંત્રો માટે તેના સહાયક પેકેજમાં વધારો કર્યો છે અને આ પેકેજ વધારીને ૧૪ અબજ ડોલર કર્યું છે.

### બાંગ્લાદેશમાં પહેલુ મોત

બાંગ્લાદેશના અધિકારીઓએ કહ્યું છે કે અત્યાર સુધી કોરોના સંક્રમણના કુલ ૧૪ કેસ નોંધાયા છે. ઈન્સ્ટિટ્યુટ ઓફ એપિડેમિયોલોજી ડિસિસ કન્ટ્રોલ એન્ડ રિસર્ચે બુધવારે રાત્રે કહ્યું છે કે ૭૦ વર્ષિય એક વ્યક્તિનું મોત થયું છે.

# વિશ્વના ૧૭૬ દેશમાં કોરોના પ્રસર્યો

**દુનિયાના કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૧૯૩૩૨ : ૮૯૬૯ના મૃત્યુ : ૬૮૧૪ દર્દીઓ ગંભીર હાલતમાં : વુહાનમાં કોઇ કેસ ન નોંધાતા રાહત**

બેઝિંગ,તા. ૧૯

દુનિયાના ૧૭૬થી વધુ દેશોમાં કાળો કેર વર્તાવી રહેલા જીવલેણ કોરોના વાયરસના કારણે હજુ સુધી ૮૯૬૯ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૨૧૯૩૩૨ કેસો સપાટી પર આવ્યા છે.મોતનો આંકડો ક્યાં જઈને અટકશે તે વાત કરવી હાલમાં મુશ્કેલ છે. કારણ કે દુનિયાના દેશોમાં ૬૮૧૪થી વધુ દર્દીઓ તો ગંભીર હાલતમાં છે. જેથી મોતનો આંકડો ખુબ વધારે પહોંચનાર છે. દુનિયાના દેશોમાં કોરોના વાયરસને રોકવા માટે લેવામાં આવી રહેલા યુદ્ધના ધોરણના પગલાના કારણે રિક્વર થયેલા લોકોની સંખ્યા પણ વધીને ૮૫૭૪૫ થઈ ગઈ છે. જો કે સ્થિતી સુધારવામાં હજુ સમય લાગી શકે છે. બીજી બાજુ ચીનમાં કોરોના વાયરસ હવે કાબુમાં છે. છેલ્લા ૨૪ કલાકમાં આઠ નવા લોકોના મોત થયા છે. જ્યારે નવા કેસોની સંખ્યા ૩૪ નોંધાઈ છે. કુલ કેસોની સંખ્યા ચીનમાં હવે ૮૦૯૨૮ રહેલી છે. ચીનમાં ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા ૨૨૭૪ નોંધાઈ છે. કોરોના વાયરસના ગઢ અને મુખ્ય કેન્દ્ર રહેલા ચીનના વુહાનમાં કોરોનાનો હવે કોઈ કેસ નોંધાયો નથી. જે ચીન માટે અને રાહતના સમાચાર છે. વુહાનમાં કોઈ કોરોના કેસ નોંધાયો નથી. વુહાન અને હુબેઈ પ્રાંત ૨૩મી જાન્યુઆરીથી બંધ છે. હવે કારોબાર શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. વુહાન હુબેઈ પ્રાંતમાં સ્થિત છે. વુહાનમાં એક કરોડ ૧૦ લાખ લોકો રહે છે. જ્યાંથી કોરોના વાયરસની શરૂઆત થઈ હતી તે ચીનના વુહાન શહેરમાં કોરોના વાયરસે હવે વિદાય લઈ લીધી છે.

### ઈટલીમાં એક જ દિવસમાં ૪૭૫ના મોત

ચીનથી પ્રસરેલા કોરોના વાયરસે દુનિયાના ૧૫૦થી વધુ દેશોમાં પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું છે. ચીનમાં જન્મેલો વાયરસ યૂરોપ માટે કાળમુખો સાબિત થઈ રહ્યો છે. યૂરોપનું ઈટાલી કોરોના વાયરસનું કેન્દ્ર બિંદુ બની ગયું છે. ઈટાલીમાં બુધવારના રોજ એક જ દિવસમાં ૪૭૫ લોકોના મોત નિપજ્યા છે. કોરોનાના કારણે આ અગાઉ કોઈ પણ દેશમાં આજ સુધીમાં એક દિવસમાં આટલી મોટી સંખ્યામાં મોત નિપજ્યા હોય તેવું નથી બન્યું. યૂરોપના અન્ય મોટા દેશ ફ્રાન્સમાં પણ કોરોના કારણે એક જ દિવસમાં ૮૯ લોકોના મોત નિપજ્યા છે.

### રશિયામાં કોરોનાને લીધે પ્રથમ મોત

રશિયામાં કોરોના વાઈરસને લીધે પ્રથમ મૃત્યુ નોંધાયું છે. રશિયામાં ૭૯ વર્ષિય એક મહિલાનું મૃત્યુ થયું.

આ મહિલાનો કોરોના વાઈરસનો પોઝીટીવ ટેસ્ટ આવ્યો હતો. દેશમાં અત્યાર સુધીમાં ૧૪૭ કેસ નોંધાયા છે.

### લખનૌમાં વધુ બે ડોક્ટરોમાં કોરોનાના લક્ષણો

લખનૌની કેજીએમયુ હોસ્પિટલમાં કોરોના વાયરસના દર્દીઓની સારવારમાં લાગેલી એક ટીમના રેસિડેન્ટ ડોક્ટરને પણ કોરોનાનો ચેપ લાગ્યો હતો.

# વિદેશી વિમાની સેવા ૨ ૨મીથી બંધ

**દેશમાં ૩૦૦થી વધુ ટ્રેનો રદ : કેસ સંખ્યા વધીને ૧૮૧ : કોરોનાથી પંજાબમાં વધુ એકનું મોત : મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસો**

નવી દિલ્હી, તા. ૧૯

ભારતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે નવા પોઝિટિવ કેસો સપાટી ઉપર આવતાની સાથે જ કેસોની સંખ્યા વધીને ૧૮૧ ઉપર પહોંચી હતી. પંજાબમાં ૭૨ વર્ષીય એક વ્યક્તિનું કોરોના વાયરસના કારણે આજે મોત થયું હતું. આની સાથે જ ભારતમાં કોરોના વાયરસથી મોતનો આંકડો વધીને ચાર ઉપર પહોંચ્યો છે. જે ચાર લોકોના મોત થયા છે તે તમામની વય ૬૦ વર્ષથી ઉપરની છે. વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, પંજાબમાં મૃત્યુ પામેલી વ્યક્તિ બે સપ્તાહ પહેલા ઈટાલી થઈને જર્મની મારફતે પરત ફર્યો હતો. છાતીમાં દુખાવો થયા બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. મૃતક ડાયાબિટીસ અને હાઈબ્લડપ્રેશરથી પણ ગ્રસ્ત હતો. તપાસ માટે મોકલવામાં આવેલા નમૂનામાં કોરોનાની ખાતરી થઈ છે. પંજાબના નવા શહેર જિલ્લામાં સિવિલ સર્જન પ્રસાદ ભાટિયાએ કહ્યું છે કે, આ વ્યક્તિ ૭મી માર્ચના દિવસે જર્મનીથી પરત ફરી હતી. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યા છે. ભારતમાં કુલ કેસોની સંખ્યા ૧૮૧ પહોંચી છે જેમાં ૨૫ વિદેશી નાગરિકો છે જે પૈકી ૧૭ ઈટાલીના છે. ત્રણ ફિલિપાઈન્સ, બે યુકે, એક કેનેડા, એક ઈન્ડોનેશિયા અને એક સિંગાપોરનો નાગરિક છે. ભારતમાં કોરોનાના લીધે પંજાબ, દિલ્હી, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં એકએક વ્યક્તિનું મોત થયું છે. ભારતમાં ૨૨મી માર્ચથી કોઈપણ ફોરેનની ફ્લાઈટ રહેશે નહીં.

### ૩૦૦થી વધુ ટ્રેન ૩૧ માર્ચ સુધી બંધ

રેલવેએ મુસાફરોની અછતને જોતા ૨૦ માર્ચથી ૩૧ માર્ચ સુધી ૩૦૦થી વધુ ટ્રેનને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. સાવચેતીના પગલા તરીકે જમ્મુના રઘુનાથ મંદિર અને દિલ્હીના ઈસ્કોન મંદિરમાં પણ દર્શન બંધ કરવામાં આવ્યા છે.

### જમ્મુ-કાશ્મીરમાં ધાર્મીક સ્થળોને અસ્થાયી બંધ

કોરોના વાઈરસના વધતા ખતરાને જોતા શ્રીનગરમાં બજારો બંધ રહ્યા હતા. કોરાનાને કારણે સલામતીના ભાગરૂપે શ્રીનગરમાં શાળાઓ, કાર્યાલયો અને બજારો બંધ રાખવામાં આવ્યા છે. તથા લોકોને ઘરમાં રહેવા અને સ્વાસ્થ્ય પર પૂરૂ ધ્યાન આપવા સલાહ આપાઈ રહી છે.



## આજે કમલનાથ સરકારનું પતન નિશ્ચિત

ભોપાલ, તા. ૧૯

મધ્યપ્રદેશમાં ચાલી રહેલી રાજકીય કટોકટીને લઈને નવો વળાંક આવી ગયો છે. હવે આવતીકાલે ફ્લોર ટેસ્ટ કરવા માટેનો આદેશ સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી કમલનાથના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારનું પતન થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મધ્યપ્રદેશ વિધાનસભામાં ૨૦મી માર્ચના દિવસે સાંજે પાંચ વાગે સુધી કમલનાથ બહુમત પરીક્ષણ કરનાર છે.

● અનુસંધાન પાન-૭ પર


## હાર્દિક અભિનંદન



**આર. એચ. પટેલ**
પ્રમુખશ્રી
ગુજરાત રાજ્ય કર્મચારી
મહામંડળ, ગુજરાત રાજ્ય



**એસ. એસ. પટેલ**
મહામંત્રીશ્રી
ગુજરાત રાજ્ય કર્મચારી
મહામંડળ, ગુજરાત રાજ્ય

આપશ્રીની ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળમાં બિનહરીફ પ્રમુખ / મહામંત્રી તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન તેમજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

શુભેચ્છકો

**શ્રી વિષ્ણુભાઈ આઈ. પટેલ**
ચેરમેન,
ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ

**શ્રી સનત એ. પટેલ**
ખજાનચી
ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ

**શ્રી પ્રવિણભાઈ એમ. સુતરીયા**
પ્રમુખ,
બોર્ડ નિગમ કર્મચારી મહામંડળ

**શ્રી પ્રવિણભાઈ સોલંકી**
મહામંત્રી,
ગુજરાત રાજ્ય વર્ગ-૪ કર્મચારી મહામંડળ

**શ્રી દિનેશભાઈ ચૌહાણ**
અધિક મહામંત્રી,
ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ

**શ્રીમતી ગીતાબા ચૌહાણ**
મહિલા પ્રતિનિધિ,
ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ


# આજે ચાર નરાધમોનો ખેલ 'ખતમ'..!

**નિર્ભયાના દોષિતોને આજે સવારે સાડા પાંચ વાગે ફાંસી : સસ્પેન્સનો અંતે અંત : દોષિત પવન ગુપ્તાની ક્યુરેટિવ પિટિશનને ફગાવી દેવામાં આવી : દોષિત અક્ષયની પત્નિ પુનિતા દેવી કોર્ટની બહાર બેભાન**

નવીદિલ્હી, તા. ૧૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ અને હત્યાના મામલામાં તમામ ચારેય નરાધમોને આવતીકાલે સવારે ૫.૩૦ વાગે ફાંસી આપી દેવામાં આવનાર છે. દિલ્હીની કોર્ટે તમામ અપરાધીઓની ફાંસી ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરતી અરજીને આજે ફગાવી દીધી હતી. દિલ્હીની કોર્ટે તેમની માંગણીને ફગાવી દેતા ફાંસી માટેનો માર્ગ મોકળો થયો છે. આની સાથે જ નરાધમોના તમામ દાંવપેચ પણ હવે કામ લાગનાર નથી. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે નિર્ભયાના દોષિતોની ફાંસી ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. અક્ષયે ફાંસીથી બચવા માટે અંતિમ ચાલ રમી હતી અને સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટિશન દાખલ કરી હતી. પિટિશનમાં અક્ષય દ્વારા રાષ્ટ્રપતિથી ફગાવી દેવામાં આવેલી દયાની અરજીને પડકાર ફેંક્યો હતો. અક્ષય દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, તેની દયા અરજીને ખોટીરીતે રજૂ કરવામાં આવતા ફગાવી દેવામાં આવી હતી. ગુરુવારના દિવસે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટની બહાર દોષિત અક્ષયની પત્નિ પુનિતાદેવી બેભાન થઈ ગઈ હતી.

નિર્ભયા મામલામાં દિલ્હી કોર્ટે તમામ દોષિતોની મૃત્યુદંડની સજાની માંગ કરતી અરજીનો ફગાવી દેવામાં આવતા હવે તમામ ચારેયનો આવતીકાલે સવારે ફાંસી આપી દેવામાં આવનાર છે. આને લઈને લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી. એપી સિંહે કહ્યું હતું કે, દયાની અરજી ફગાવી દેવાની સ્થિતિમાં અક્ષય સાથે જોડાયેલા તમામ લોકો પ્રભાવિત થશે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225


